# માત્ર ૧૦૦ મિનીટમાં તૈયાર થઈ જતા સેલન ઈકો ફાસ્ટ ટોયલેટસ : સેનીટેશન ક્ષેત્રે નવતર પ્રયોગ

## ખરાબ હવામાનમાં પણ ૧૦ વર્ષ કરતા મોડયુલર ટોયલેટસ ૯૦ ટકા માનવ કલાકોની બચત કરશે : માત્ર રૂ. ૧૦,૯૦૦ની કિંમતે તૈયાર થતા ટોયલેટ ઉર્જા બચત પણ કરશે

ગાંધીનગર, તા.૧૭

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રેરિત મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત દેશને વર્ષ ૧૫૦૦થી વધારીને માત્ર ૨ મહિનાના ગાળામાં ૪ ગણી વધારી ૬૦૦૦ ટોયલેટસ સુધી વિકસાવાયી છે. ભારત જેવા વિકસતા દેશમાં સ્વચ્છતાની સમસ્યાને હલ કરવા ૨૦૧૯ સુધીમાં સ્વચ્છ બનાવી દેવાના લક્ષ્યાંકમાં મદદરૂપ થવાના આશયથી અને મેક ઈન ઈન્ડીયાથી પ્રેરિત થઈને સ્વપ્ન સૃષ્ટિ હોરાઈઝન પ્રા. લિ. કંપની દ્વારા 'સેલોન ઈકો ફાસ્ટ ટોયલેટ'નો આવિષ્કાર કરવામાં આવ્યો છે. પ્રી-સ્ટ્રેસ્ટ કોન્ક્રીટ ટેકનોલોજીના આધારે મોડયુલર અને ટકાઉ ટોયલેટ માત્ર રૂ. ૧૦,૯૦૦ના ખર્ચે માત્ર ૧૦૦ મિનીટમાં તૈયાર થઈ જાય છે. જેના કારણે ૯૦ ટકા માનવ કલાકોની બચત થાય છે.




ભાવનગરમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવતા શેઠ કન્સ્ટ્રકશન ગ્રૃપની ફલેગશીપ કંપની સ્વપ્ન સૃષ્ટિ હોરાઈઝન પ્રા. લિ. દ્વારા પરંપરાગત સામગ્રીમાંથી કિફાયત અને નવતર પ્રકારના ટોયલેટસ પ્રસ્તુત કરાયા છે જે માત્ર ૧૦૦ મિનીટમાં જ તૈયાર થઈ જાય છે અને જેની કિંમત માત્ર રૂ. ૧૦,૯૦૦ છે. ઝડપથી તૈયાર થઈ જવાના કારણે ૯૦ ટકા માનવ કલાકોની બચત થાય છે જેના કારણે બે કર્મચારીઓ એક દિવસમાં ચાર ટોયલેટ ઉભા કરી શકે છે. વળી, આ ટોયલેટસના મોડયુલમાં રખાયેલી આગોતરી ચોકસાઈ અને ગુણવત્તાને કારણે તે ખરાબ હવામાનનો સામનો કરીને પણ ઓછામાં ઓછા ૧૦ વર્ષ સુધી ટકી રહી શકે તેમ છે. કંપની દ્વારા આ ટોયલેટસની મોટી માંગ પુરી કરવા ઉત્પાદન ક્ષમતા બાબતે ક્રાંતિ સર્જવા સક્ષમ સેલન ઈકો ફાસ્ટ ટોયલેટસ કરકસર યુકત, તુરંત સ્થાપી શકાય તેવા અને એકંદરે સામગ્રીના ઓછા વપરાશને કારણે ઉર્જા બચત પણ કરે છે તેવું સ્વપ્ન સૃષ્ટિ હોરાઈઝન કંપનીના એમડી અપૂર્વ શેઠે જણાવ્યું હતું.

# ચોરીનાં વાહનથી ચેઈન સ્નેચીંગ કરતો કિશોર ઝડપાયો

## પ્રાંતિજના કિશોરે તેના મિત્ર સાથે મળીને શહેરમાંથી છ ચેઈન સ્નેચીંગ અને એક બાઈક ચોરી કરી હોવાની કબુલાત કરી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરમાં ચેઈન સ્નેચીંગના બનાવોએ માઝા મુકી હતી. દરમિયાન ગાંધીનગર એલસીબીની ટીમે ચોકકસ બાતમીનાં આધારે એક કિશોરને ઝડપી પાડયો છે. કિશોરે તેના પ્રાંતિજના એક રીઢા ચોર મિત્રની મદદથી ગાંધીનગરમાં છ ચેઈન સ્નેચીંગ અને એક વાહન ચોરી કરી હોવાની સનસની કબુલાત કરી છે તો બીજી તરફ તેનો મિત્ર પણ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં પકડાયેલો હોવાનું ધ્યાને આવતા ટ્રાન્સફર વોરંટથી પોલીસ લઈ આવી છે. ઈન્ફોસીટી પોલીસે ઝીણવટભરી પુછપરછ શરુ કરી છે. આ બંને શખ્સો ચોરીના વાહનથી જ ચેઈન સ્નેચીંગ કરતા હતાં.

એલસીબી પીઆઈ આશુતોષ પરમારની સુચનાથી તેમની ટીમના પીએસઆઈ આર.એન.વાઘેલા તથા માણસોએ ચોકકસ બાતમીના આધારે પ્રાંતિજ વિસ્તારના એક કિશોરને પકડયો હતો. યુકિત-પ્રયુકિતથી પુછપરછ કરતાં તે કિશોરે કબુલાત કરી હતી કે તેના મિત્ર સુરેન્દ્ર ઝાલા સાથે મળીને તેણે ગાંધીનગર શહેર વિસ્તારમાંથી એક વાહનચોરી અને ૬ ચેઈન સ્નેચીંગના ગુના આચર્યા છે. લુંટ કરેલા સોનાના ચેઈન પ્રાંતિજના સોનીને વેચી દીધા છે. તે ઉપરાંત મિત્ર મહેન્દ્ર ઝાલા અગાઉ પણ સાબરમતી, ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં વાહન ચોરી અને ચેઈન સ્નેચીંગના ગુનામાં સંડોવાયેલો હતો. કિશોરની ધરપકડ કરી ઈન્ફોસીટી પોલીસને સોંપવામાં આવ્યો છે. તે ઉપરાંત ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં પકડાયેલા સુરેન્દ્ર ઝાલાને ટ્રાન્સફરવોરંટથી લઈ આવી ઈન્ફોસીટી પોલીસે રિમાન્ડ મેળવવા તજવીજ શરુ કરી છે. વધુ તપાસ ઈન્ફોસીટી પોલીસ ચલાવી રહી છે.

## 'બજરંગી ભાઈ જાન' ફિલ્મ પોલીસ બંદોબસ્ત વચ્ચે રીલીઝ

ગાંધીનગર, તા. ૧૭

રથયાત્રા અને રમઝાન ઈદ તહેવારને આડે શુક્રવારે બજરંગી ભાઈ જાન ફિલ્મ રીલીઝ થઈ હતી. ફિલ્મના નામને ધ્યાને લઈને ફિલ્મ રીલીઝના પહેલા શૉ દરમ્યાન ગાંધીનગર તથા આસપાસના થિયેટર્સમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. પ્રથમ શૉ સમાપ્ત થયા બાદ આ ફિલ્મમાં કાંઈ વિવાદાસ્પદ ન જણાતાં અંતે બંદોબસ્ત વીડ્રો કરી દેવામાં આવ્યો હતો.

# કુડાસણમાં મકાનની અંદર આગ લગાડી દાગીનાની ચોરી

## બંધ મકાનનું તાળુ ચાવીથી ખોલીને જાણભેદુ અંદર ઘુસ્યો ને ગાદલા-કપડા સળગાવી ૪૫ હજારના દાગીના ઉઠાવી ગયો

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર નજીક કુડાસણ ગામના પ્રજાપતિ વાસમાં એક વિચિત્ર કિસ્સો બનવા પામ્યો છે. ખાનગી કંપનીમાં સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા મકાન માલીક પરિવાર સાથે બહારગામ ગયા હતા તે દરમ્યાન બંધ મકાનના તાળાને ચાવી વડે ખોલીને કોઈ શખ્સ અંદર ઘુસ્યુ અને ગાદલા-ગોદડા તથા કપડા સળગાવીને રૂ. ૪૫ હજારના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

કુડાસણના પ્રજાપતિવાસમાં રહેતા અને સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા દેવાભાઈ સુકાભાઈ પટેલીયા ૧૫ જુલાઈએ પરિવાર સાથે બહાર ગામ ગયા હતા. તેમના મકાનને તાળુ હતુ અને ચાવી મકાન પાસે એક ચોક્કસ જગ્યાએ સંતાડીને રાખી હતી જે ભાગ્યે જ કોઈને ધ્યાને હતી..! બપોરના અરસામાં કોઈ જાણભેદુ કે જેને આ ચાવીનો ખ્યાલ હતો તે શખ્સે ચાવી વડે દરવાજાનું તાળુ ખોલીને મકાનમાં પ્રવેશી રૂ. ૪૫ હજારના દાગીનાની ચોરી કરી લીધી હતી અને મકાનમાં ગાદલા-ગોદડા, કપડા અને ચોપડા સળગાવી નાંખી નુકશાન કરી ભાગી ગયો હતો. પડોશીઓને જાણ થતા આગ ઓલવીને આગ કાબુમાં લઈ લીધી હતી. દેવાભાઈની ફરીયાદને આધારે ઈન્ફોસીટી પોલીસે ગુનો દાખલ કરી પીએસઆઈ કે.ડી. પ્રજાપતીએ તપાસ આરંભી છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

**સૂર્યોદય : ૬.૦૫**
**સૂર્યાસ્ત : ૭.૨૯**

### તાપમાન

**મહત્તમ : ૩૬.૦ ડિ.સે.**
**લઘુત્તમ : ૨૮.૮ ડિ.સે.**

### ભેજનું પ્રમાણ

**સવારે ૭૪ ટકા ● સાંજે ૫૩ ટકા**

### મનોરંજન

**સિટીપલ્સ**

**સ્કીન-૧ :**
બજરંગી ભાઈજાન : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
**સ્કીન-૨ :**
બજરંગી ભાઈજાન : ૧.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
**સ્કીન-૩ :**
બાહુબલી : ૧.૦૦, ૪.૦૦
બજરંગી ભાઈજાન : ૭.૦૦, ૧૦.૦૦
**સ્કીન-૪ :**
બજરંગી ભાઈજાન : ૧૦.૦૦
બાહુબલી : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**સ્કીન-૫ :**
બજરંગી ભાઈજાન : ૧૦.૦૦
બાહુબલી : ૧૦.૦૦

**સિનેમેક્સ**

**સ્કીન-૧ :**
બજરંગી ભાઈજાન : ૯.૦૦, ૧૨.૧૦, ૩.૩૦, ૬.૫૦, ૧૦.૧૦
**સ્કીન-૨ :**
બજરંગી ભાઈજાન : ૧૧.૧૦, ૨.૩૦, ૫.૫૦, ૯.૧૦
**સ્કીન-૩ :**
બજરંગી ભાઈજાન : ૧૦.૩૦, ૧.૪૦, ૪.૫૦, ૮.૦૦
**સ્કીન-૪ :**
બાહુબલી : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૨૦, ૬.૪૦, ૧૦.૦૦

### આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. ધાર્મિક સત્સંગ થઈ શકશે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : આજે સ્થાયી મિલકત ખરીદી થઈ શકે છે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

**તુલા** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે.

**કુંભ** : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

### ચિરવિદાય

- સ્વ. લક્ષ્મીબેન બચુભાઈ રાણા (ઉ.વ.૭૫) એન-૪૨/૪૯૬, સત્યમ એપાર્ટમેન્ટ, સે-૨૪, ગાંધીનગર
- સ્વ. રામી મધુબેન પ્રવિણભાઈ (ઉ.વ.૬૦) ૧૦૯, શ્રીનગર સોસાયટી, સે-૨૪, ગાંધીનગર

# શહેર જાગૃત નાગરિક પરિષદ રીક્ષા ચાલકની પ્રમાણિકતાને બીરદાવશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેર જાગૃત નાગિક પરિષદની ખાસ સભા તા. ૧૬મી જુલાઈએ સે. ૧માં મહાદેવના મંદિરે મળી હતી. જેમાં પરિષદની અગાઉની બેઠકમાં લેવાયેલા નિર્ણયોની સમીક્ષા કરવામાં આવી હતી. તેમજ કેટલાક મહત્વના નિર્ણય લેવાયા હતા. આ બેઠકમાં પરિષદના બંધારણમાં કરવાના થતા અનિવાર્ય સુધારા અંગે ચર્ચા કરી સંસ્થાના કાનૂનમંત્રી હસમુખભાઈ ઠાકરને તેની કામગીરી સોંપવામાં આવી હતી.

બેઠકમાં સંબંધિત પદાધિકારીઓ ભાનુપ્રસાદ પુરાણી, જયંતભાઈ ભટ્ટ, એસ.ડી. આર. મલિક, રમણલાલ શ્રીમાળી, જે. જે. ત્રિવેદી, દશરથલાલ પરમાર, જે.સી. પરમાર અને હસમુખ ઠાકર દ્વારા પૂર્તતાની વિગતો આપવામાં આવી હતી. અધ્યક્ષ લવજીભાઈ વાડીઆએ રોજબરોજ અખબારમાં આવતા ગંભીર પ્રશ્નો ધ્યાને લેવા અનુરોધ કરતા લાઈફ સેવિંગ ડ્રગ તેની નિયત કિંમત કરતા ૪૦૦૦ ટકા વધારે ભાવથી વેચી ઉઘાડી લૂંટ ચલાવાય છે, જિલ્લાના ૫૦ ટકા બાળકોને લખતા વાંચતા નથી આવડતુ નથી તેમજ હોસ્પિટલની લીફટ ૩ દિવસથી બંધ હોવા જેવા બનાવો અંગે રજૂઆત કરવા જણાવ્યું હતું. આ ઉપરાંત ઉદ્યોગભવન પાસેથી રૂ. ૬૫૦૦૦ ભરેલી બેગ નિવૃત્ત ફૌજી રીક્ષાચાલક જીતુભાઈ પરમારે તેના માલિકને શોધી પરત કરી તેમની પ્રમાણિકતાને બિરદાવી તેમને શુભેચ્છા પત્ર લખવાનું બેઠકમાં ઠરાવાયું હતું.

# ગિયોડમાંથી વિદેશી દારૂની ૧૪ બોટલ સાથે એક પકડાયો

ગિયોડની સીમમાં સ્થિત શીવાભાઈ ચૌધરીના બોરકુવા પર



ચિલોડા પોલીસે બાતમીના આધારે તપાસ કરતા ૧૪ નંગ વિદેશી દારૂની બોટલો પકડી પાડી હતી. દહેગામના કડજોદરા વિસ્તારના શખ્સ લાલસિંહ રામસિંહ ઝાલાની પોલીસે ધરપકડ કરી લઈ રૂ. ૩૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી લીધો છે. તો બીજી તરફ શિવા ચૌધરી ફરાર થઈ ગયો છે.

# સેકટર-૧૨ ખાતે રથયાત્રાનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરાશે

ગાંધીનગર, તા.૧૭

પાટનગરમાં આજે સતત ૩૧મા વર્ષે ભગવાન જગન્નાથ નગરચર્યાએ નિકળશે. નગરના વિવિધ માર્ગો પર રથયાત્રાનું સ્વાગત કરવામાં આવશે. સેકટર-૧૨ શિક્ષણ ભવન ખાતે ગાંધીનગરના અગ્રણી નાજાભાઈ ધાધર ભગવાન જગન્નાથજીના રથનુંસ્વાગત કરશે. રથયાત્રામાં જોડાનાર ભકતોને લાડુ અને પશુઓને ચારો ખવડાવશે.

શહેર પરંપરાગત રીતે આજે ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજી સાથે નગરચર્યાએ નિકળશે. શહેરના અગ્રણી અને સમાજ સેવી નાજાભાઈ ધાધર રથયાત્રામાં જોડાનાર ભકતોને ચોખ્ખા ઘીના લાડુ પીરસશે.

સાથે સાથે માલપુવા અને ભકતોને છાશ પીવડાવશે. નાજાભાઈ દ્વારા છેલ્લા બાવીસ વર્ષથી સેકટર-૧૨ ખાતે રથયાત્રાનું સ્વાગત કરવામાં આવે છે. રથયાત્રા સેકટર-૧૨ શિક્ષણ ભવન પાસે પહોંચશે ત્યારે સંસદીય સચિવ વાસણભાઈ આહિર, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, મેયર હંસાબેન મોદી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહી રથનુંસ્વાગત કરશે.

નગરમાં સતત ૩૧મા વર્ષે રથયાત્રા નીકળશે. નગરના મંડળો, ભકતજનો માટે નાસ્તા, પાણીની સેવા કરે છે ત્યારે નાજાભાઈએ જણાવ્યું હતુ કે શહેરમાં પ્રથમ વખત રથયાત્રામાં જોડાનાર હાથી, ઘોડા, ઉંટ માટે ઘાસ ચારાની વ્યવસ્થા કરવામાં આવી છે. પશુઓને પણ આ રથયાત્રામાં ચારો મળી રહેશે.

શહેર ભાજપાના ઉપાધ્યક્ષ નાજાભાઈ ધાધર દ્વારા પાંચ હજાર મીનરલ પાણીની બોટલ, બે હજાર છાશના પાઉચ, ૨૫૦૦ જેટલા ચોખ્ખા ઘીના લાડુ અને ૧૦૦૦ માલપુવાના પેકેટસ ભકતજનોને વહેંચવામાં આવશે.

# સોમનાથ મંદિરને ૪૦.૨૭ કિલો સુવર્ણદાન પ્રાપ્ત થયું

ગુજરાતના સુપ્રસિધ્ધ યાત્રાધામ સોમનાથ મંદિર ટ્રસ્ટને લખી પરીવાર તરફથી દિલીપભાઈ લખીએ ૪૦.૨૭ કિલો સુવર્ણ માટે રૂ. ૧૦.૮૧ કરોડનું માતબર દાન આપ્યું છે. છેલ્લા ત્રણ વર્ષમાં સોમનાથ મંદિરના ગર્ભગૃહ, ઘુમ્મટ વગેરેને સુવર્ણમંડિત કરવા માટે વિસરામદાસ હોલારામ લખી પરિવાર તરફથી ૫૧ કિલો સુવર્ણ અગાઉ પ્રાપ્ત થઈ ચુકયું છે. દાન આપવામાં સોમનાથ મંદિરના ટ્રસ્ટી-સેક્રેટરી પી.કે. લહેરી અને તેમના અધિકારીઓના સહકાર બદલ દિલીપભાઈ લખીએ આભાર માન્યો હતો. તેમણે અનેક મંદિરોમાં સુવર્ણદાન કર્યુ હોવાનું જણાવ્યું હતુ. દાનમાં મળેલા સુવર્ણ થકી મંદિરના ગર્ભગૃહના બાકીના ભાગ તેમજ તેના દ્વાર સહિતના ભાગને સુવર્ણ મંડિત કરાશે.

# કલ્યાણ યોજનાઓના લાભ લાભાર્થી સુધી પહોંચાડવા કર્મચારીઓને તાકિદ કરાઈ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક આજરોજ જિલ્લા કલેકટર શ્રી રવિશંકરના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

આજની બેઠકમાં કલેકટર શ્રી રવિશંકરે જણાવ્યું હતું કે આગામી ટુંક સમયમાં ગરીબ કલ્યાણ મેળા ગાંધીનગર જિલ્લામાં યોજાનાર છે. આ મેળા અંતર્ગત રાજય સરકારની વિવિધ યોજનાઓના લાભ સાચા લાભાર્થીઓ સુધી પહોંચે તે માટે સંબંધિત જિલ્લા કચેરીઓને સુચારું આયોજન કરવા ભાર પૂર્વક જણાવ્યું હતું. તે ઉપરાંત વ્યકિતગત શૌચાલયની યોજના, આવાસ યોજના, બાજપાઈ બેંકેબલ યોજના, સ્વર્ણજયંતિ રોજગાર યોજના, માનવ કલ્યાણ યોજના, માનવ ગરિમા યોજના, જનની સુરક્ષા યોજના, મિશન મંગલમૂ યોજના, કૃષિ, પશુપાલન, બાગાયતની વિવિધ યોજના વગેરે યોજનાઓનો લાભ હક્કદાર લાભાર્થીઓને મળી રહે તે માટેની યાદી તૈયાર કરવા તેમજ ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓ માટેની કિટ્સ તૈયાર કરી રાખવા માટે ભારપુર્વક જણાવ્યું હતું. તે ઉપરાંત જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે.એમ.ભીમજીયાણીએ ગરીબ કલ્યાણ મેળાની સમીક્ષા કરી હતી.

સંકલન સમિતિની બેઠકમાં પડતર તુમારોના નિકાલ અંગે, નાગરિક અધિકાર પત્રની અરજીઓ અંગે,પગાર નિયત કરવા અંગે, પેન્શન કેસો બાબત, સીનીયોરીટી બાબત, ખાનગી અહેવાલ બાબત, અધિકારીકર્મચારીઓને કોમ્પ્યુટર તાલીમ આપવા બાબત, નીચલી કચેરીનું નિરીક્ષણ કરવા બાબત, નાગરીક અધિકાર પત્ર અંગેની માહિતી બાબત, તકેદારી આયોગના કેસોની, એ.જી. પેરાની પૂર્તતા અંગે અને સરકારી બાકી લેણા વસુલાત અંગેની સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લા કલેકટર શ્રી રવિશંકરે જિલ્લાના સંબંધિત અધિકારીશ્રીઓને લોકોને સ્પર્શતા મહત્વના પ્રૌ પરત્વે સત્વરે જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

ફરિયાદ સમિતીની બેઠકમાં ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, માણસાના ધારાસભ્ય શ્રી અમીતભાઈ ચૌધરી, કલોલના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોર દ્વારા માણસા તાલુકાના લાકરોડા ગામે સુજલામસુફલામ કેનાલમાં જે ખેડૂતોની જમીન ગઈ છે, તેના વળતર અંગે, માણસા મત વિસ્તારના તમામ ગામોમાં એક કરતાં વધુ સંપ બાબતે, પોર ગામે સરકારી ગૌચર અંગેનો, ઓ.એન.જી.સી, ઔડાને લગતા અને પાઈપલાઈન જેવા પ્રજાહિતલક્ષી વિવિધ પ્રૌની રજૂઆત કરવામાં આવી હતી. આ અંગે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવા સંબંધિત અધિકારીશ્રીઓને જિલ્લા કલેકટરશ્રીએ સૂચના આપી હતી.

# ચીનના પ્રતિનિધિ મંડળે ગાંધીનગર મનપા કચેરીની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશનની આજે ચીનના એક પ્રતિનિધિ મંડળ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી.જેમાં આર.ઓ.વોટર પ્લાન્ટ, ટ્રાફિક મેનેજમેન્ટ, સી.સી.ટી.વી કેમેરા, ડ્રેનેજ વોટર ટ્રીટમેન્ટ સહિતના મુદ્દે ચર્ચાવિચારણા કરવામાં આવી હતી.



આ પ્રસંગે મેયરશ્રી હંસાબેન મોદી, ડેપ્યુટી મેયરશ્રી કાર્તિકભાઈ પટેલ, સ્ટેન્ડીંગ કમીટી ચેરમેનશ્રી રાકેશભાઈ પટેલ, મ્યુનિ. કર્મિરશ્રી જી.આર.ચૌધરી, નાયબ મ્યુનિ. કમીશનરશ્રી ,પૂર્વ મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા સહિતના પદાધિકારીઓશ્રી તથા અધિકારીઓશ્રી ઉપસ્થિત રહયા હતાં અને મહાનગરપાલિકાની કામગીરી તથા તંત્ર દ્વારા શહેરીજનોને પૂરી પડાતી સુવિધાઓ અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. દરમિયાન આ બેઠકમાં સોલર પાવર દ્વારા મશીનરી કાર્યવન્તીત કરવા અંગે તેમજ સોલર પાવરથી અન્ય સુવિધાઓ મેળવવા અંગે તથા ગંદા પાણીને ટ્રીટ કરી પીવા માટે ઉપયોગમાં લઈ શકાય તેમજ બગીચામાં પણ ઉપયોગમાં લઈ શકાય એ બાબતે ચર્ચાવિચારણા કરાઈ હતી. આ સાથે શહેરમાં સુવિધા હેતુ ટ્રાફિક મેનેજમેન્ટ અને સી.સી. ટી.વી. કેમેરા મુકવા સંદેર્ભેની બાબતો અંગે વિચાર વિર્મશ કરાયો હતો.

# જી.ઈ.બી.માં મેયર દ્વારા વિદ્યાર્થીઓનો સન્માન-ઈનામ વિતરણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

શહેરના જી.ઈ.બી. વિસ્તારમાં છેલ્લાં પાંચ વર્ષથી મેયર હંસાબેન મોદી દ્વારા તેજસ્વી વિધાર્થીઓને સન્માનનો કાર્યક્ર્મ આયોજીત કરાય છે. તાજેતર માં પણ મેયરશ્રી દ્વારા જી.ઈ.બી. રીક્રીએશન ક્લબ હોલ ખાતે ધોરણ ૧૦ અને ૧૨ માં ૭૦ કે તેથી વધુ ગુણ હાંસલ કરનાર વિધાર્થીઓનો સન્માન સમારોહ તથા ઈનામ વિતરણનો કાર્યક્ર્મ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે પૂર્વ મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા,પૂર્વ ડેપ્યુટી મેયરશ્રી સુભાષ પાંડવ, જીઈબીના ચીફ એન્જીનીયર આઈ.એમ.પટેલ, સુપ્રિ.એન્જીનીયરશ્રી એન. બી. શાહ, સુપ્રિ.એન્જીનીયર એમ. સી. સોલંકી તથા સરકારી પ્રાથમિક શાળાના આચાર્યો દિપ્તીબેન વસાવડા સહિતના અધિકારીઓ, હોદ્દેદારો વિધાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહયા હતાં. દરમિયાન સમગ્ર કાર્યક્રમનું સંચાલન મિહિષા જોષી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્ર્મ અંતર્ગત ધોરણ ૧૦ માં ઉચ્ચગુણ પ્રાપ્ત કરતાં પટેલ આર્ઝુ વિજયભાઈ, મોહમ્મદ ઉમેષ યુનુસભાઈ અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં રાજપરા સુરભી જયેશકુમાર, પટેલ ચાર્મી ચેતનકુમાર તથા ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં ચૌહાણ જયવીરસિંહ ભરતસિંહ, અખાણી કિશન વિઠ્ઠલભાઈનું સન્માન કરાયું હતું.

# કર્મચારી ઉત્કર્ષ મંડળની મિટીંગ

ગુજરાત કર્મચારી ઉત્કર્ષ મંડળની મીટીંગ ૨૧ જુલાઈ મંગળવારે બપોરે ૧.૩૦ કલાકે જુના સચિવાલય કેન્ટિનમાં યોજાશે. મીટીંગમાં તમામ કર્મચારીઓને ઉપસ્થિત રહેવા પ્રમુખ કલ્પેશ ચૌહાણે જણાવ્યું છે.

# વિધવા મહિલાને ત્રાસ આપનાર સાસુ, દિયર અને નણંદ સામે ફરીયાદ

શહેરના સેક્ટર-૭-બી પ્લોટ નં. ૫૫૦/૨ ખાતે રહેતા વિધવા મહિલા કુમોદબેન રાઠોડ સે. ૭ પોલીસમથકમાં તેણીના સાસુ લલીતાબેન રાઠોડ, દિયર નિશાંત રાઠોડ અને નણંદ હર્ષાબેન રાઠોડ છેલ્લા ત્રણેક વર્ષથી મ્હેણાં ટોણા મારીને ગાળાગાળી કરી શારીરિક-માનસિક ત્રાસ આપતા હોવાની ફરીયાદ નોંધાવી છે. જેને આધારે સે. ૭ પોલીસે ત્રણેય સામે ગુનો દાખલ કરીને તપાસનો દૌર શરૂ કર્યો છે.